# અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૧, અમદાવાદ.

**ફો.કેસ.નં.૯૩૧૯૨/૧૮**

**આંક:–**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિ.**

**આરોપી :–** (૬) મોહસીન મુસ્તાકભાઈ કુરેશી, ઉ.વ.૩૮,
રહે. દ્વારકાદાસની ચાલી, લાખીયા ગેરેજ પાછળ, ગુજરાત પ્રેસ પાસે, મીરજાપુર, અમદાવાદ.

**ગુનો :–** ઈ.પી.કોડની કલમ–૨૮૩ મુજબ

---

**–: ચુકાદો :–**

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧/૮/૧૮ ના કલાક–૧૯/૪૫ વાગે સાબરમતી દોલતનગર જાહેર રોડ ઉપર પોતાની મટનની દુકાન આગળ મટનનો સામાન ભરેલ વાહન ઉભુ રાખી ટ્રાફીક જામ

કરી જાહેર રોડ ઉપર આવતા–જતા રાહદારીઓ તેમજ વાહન ચાલકોને ભય ઉભો કરી તેમજ ઈજા થાય તેમજ જીંદગી જોખમાય તે રીતે ઉભુ કરી ગુનો કરેલ. જેથી આરોપી વિરૂઘ્ધ ઈ.પી.કોડની કલમ–૨૮૩ મુજબના સજાનેપાત્ર ગુનાનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરેલ છે.

૨) હાલના આરોપી અદાલત સમક્ષ હાજર થતા આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવી અલગથી ગુના કબુલાત પુરસીસ આંક–૩ થી આપેલ છે. ત્યારબાદ ગુના સબંધેની આરોપીની પ્લી આંક–૨ થી નોંધવામાં આવેલ છે. જેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ ગુનાની કબુલાત કોઈપણ જાતના દબાણ વગર સ્વૈચ્છાએ કરેલ હોવાની ખાત્રી કર્યા બાદ આરોપીની ગુના કબુલાત નોંધવામાં આવેલ છે. આરોપીએ રજુઆત કરેલ છે કે, તેઓ અત્યંત નબળી આર્થિક પરીસ્થીતી ધરાવે છે અને કુટુંબની જવાબદારી તેમના ઉપર રહેલી છે અને તેથી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

૩) રેકર્ડ ઘ્યાને લેતા જણાય છે કે, ફરીયાદપક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે, આરોપીએ અગાઉ ગુનો કરેલ હોય અને તે સંજોગોમાં આરોપીનો પ્રથમ ગુનો હોવાનું સ્પષ્ટ થાય છે. વધુમાં આરોપીની ગુના કબુલાત સંપુર્ણપણે સ્વૈચ્છીક

અને કોઈપણ જાતની ધાક–ધમકી કે, દબાણ વિનાની હોવાનું જણાય છે. તેમજ આરોપીએ કરેલ પસ્ચાતાપને ધ્યાને લેતા આરોપીને સુધરવાની તકક આપવાના હેતુસર અને આરોપીની ઉપરોકત રજુઆતો ધ્યાને લેતા જો આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ સિધ્ધ થશે અને તે મુજબ હુકમ કરવો ન્યાયોચીત જણાતો હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનું આખરી હુકમ કરવામાં આવે છે.

**– : હુકમ :–**

આ કામના આરોપી મોહસીન મુસ્તાકભાઈ કુરેશીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કોડની કલમ–૨૮૩ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદરહુ ગુના સબબ આરોપીને રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) દંડ ભરવાનો આથી હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ આજ તા. ૨૩મી, માહે–ઓકટોબર, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૩/૧૦/૨૦૧૮.

(મેહુલકુમાર કિશોરસિંહ ખેર)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૧, અમદાવાદ.
**(GJ00859)**